દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦ % ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચ અન્વયે પગાર તફાવતની રકમ ચુકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૬/૬૮૦૧૧૮(પાર્ટ-૧)/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૧/03/૨૦૨૨.

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.03/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃઅપગ/ ૧૦૨૦૧૬/૬૮૦૧૧૮/છ-૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૧/૦૧/૨૦૧૯નો પત્ર જા.નં.અપગ/૩૫.

આમુખઃ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.03/૦૮/૨૦૧૮ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની માન્યતા ધરાવતી અને પગારની ૧૦૦% સહાયક અનુદાનિત દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રની ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાઓના કુલ ૯૨૦ કર્મચારીઓને સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણો પ્રમાણેના સુધારેલ પગાર ધોરણો આપવા માટે શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે, આ ઠરાવની શરત નં.(૫) મુજબ દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦ % ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચ અન્વયે પગાર તફાવતની રકમ ચુકવવા બાબતે મંજૂરી આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

— 2 —

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦ % ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચ અન્વયે નીચેના કોષ્ટક મુજબ પગાર તફાવતની ચુકવવાપાત્ર રકમ રૂ.૧૨,૦૬,૯૦,૧૦૦/-ને રૂ.૨,૪૧,૩૮,૦૨૦/-ના પાંચ સરખા હપ્તામાં ચુકવવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સમયગાળો | નાણાકીય વર્ષ મુજબ ભારણ રૂ. |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી<br>તા.૩૧/૦૩/૨૦૧૬ સુધી | ૧,૦૦,૦૪,૦૦૦/ |
| ૨ | વર્ષ ૨૦૧૬-૧૭ | ૪,૨૪,૨૦,૦૦૦/ |
| ૩ | વર્ષ ૨૦૧૭-૧૮ | ૪,૫૭,૩૪,૦૦૦/ |
| ૪ | તા.૦૧/૦૪/૨૦૧૮ થી<br>તા.૩૧/૦૮/૨૦૧૮ સુધી | ૨,૨૫,૩૨,૧૦૦/ |
| કુલ ભારણ રૂ. | | ૧૨,૦૬,૯૦,૧૦૦/ |

આ અંગેનો ખર્ચ બજેટ હેડ ૯૨:૨૨૩૫:૦૨:૧૦૧:૧-SCW-૦૫ વિકલાંગ કલ્યાણ હેઠળ પાડવાનો રહેશે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૮ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૬/૦૩/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.

— ૩ —

- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આર્થિક બાબતો), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી- ઈંપીડી સેલ તથા પગાર ચકાસણી એકમ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.
- શાખા સિલેક્ટ ફાઈલ.